# મહિલા અને બાળ વિકાસ



**''એક ડગલું આપીએ એને અવનિ પર,**
**આભને આંબી બતાવશે મહિલા''**

ગુજરાત દેશના આર્થિક અને ઔદ્યોગિક વિકાસના સંદર્ભે ટોચના રાજ્ય તરીકે ઉપસી આવ્યું છે. આમ છતાં, માનવ વિકાસના સૂચકાંકની બાબતમાં રાજ્ય દેશમાં છઠ્ઠા ક્રમે છે જેનું એક કારણ મહિલાઓ અને પુરૂષોના દરજ્જામાં રહેલ વિશાળ અંતર પણ છે. રાજ્યમાં મહિલા સાક્ષરતાનું પ્રમાણ ૫૮.૬ ટકા છે જ્યારે પુરૂષોમાં તે જ પ્રમાણ ૮૦.૫ ટકા છે. જાતિની દૃષ્ટિએ પુરૂષ - સ્ત્રીની જે સરેરાશ સંખ્યા ૧૯૯૧માં ૯૩૪ હતી તે ઘટીને ૨૦૦૧માં ૯૨૧ થઇ ગઇ છે અને ૦-૬ વર્ષના વયજૂથમાં તો તેનું પ્રમાણ ફક્ત ૮૭૯ છે. આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરૂષનું પ્રમાણ ૧૦૦૦ સામે ૧૦૨૮ છે જ્યારે શિક્ષિત એવા ૪૩ તાલુકાઓમાં આ પ્રમાણ ૮૦૦ થી પણ ઓછું છે. આ ઘણી ગંભીર અને ચિંતાજનક બાબત છે જે રાજ્યમાં બાળકીઓ સહિત મહિલાઓ તરફ દર્શાવાતા જાતિલક્ષી ભેદભાવનું પ્રતિબિંબ પાડે છે. કામમાં મહિલાઓની ભાગીદારીનું પ્રમાણ પુરૂષોના ૫૫.૦૨ ટકાની સરખામણીમાં ૨૮.૦૩ ટકા છે.

બીજો ચિંતાનો વિષય ઘર અને કાર્ય સ્થળે જાતિ આધારિત હિંસાનો છે. મોટા ભાગના આવા કિસ્સાઓ તેની સાથે સંકળાયેલ સામાજિક કલંક અને પુરૂષ પ્રધાન માનસિકતાને કારણે નોંધાયા પણ હોતા નથી.

ઉપરોક્ત પરિસ્થિતિના વિશ્લેષણથી એ તારણ આવ્યું કે શિક્ષણ અને તાલીમનું નીચું સ્તર, આરોગ્ય અને પોષણની દૃષ્ટિએ નીચું સ્થાન અને સંસાધનોની મર્યાદિત ઉપલબ્ધતા - આ બધું વ્યક્તિના જીવનની ગુણવત્તાને પ્રતિકૂળ અસર પહોંચડવા ઉપરાંત વ્યક્તિ, સમાજ અને રાજ્યના સમગ્ર વિકાસને પણ અવરોધે છે.

ગુજરાત સરકાર મહિલાઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક એમ સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતા સિદ્ધ કરવા સરકારે સ્વતંત્ર મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના, ગુજરાત રાજ્ય મહિલા આયોગની રચના, જેન્ડર રીસોર્સ સેન્ટર જેવી સ્વાયત સંસ્થાની સ્થાપના, નારી ગૌરવનીતિની ઘોષણા, જેન્ડર બજેટીંગ પ્રથા જેવા અનેક નવતર પગલાઓ થકી આ પ્રતિબદ્ધતા પુરવાર પણ કરી છે.

વસ્તી ગણતરી ૨૦૦૧ના આંકડાઓ અનુસાર ગુજરાતની વસ્તી ૫૦૬ લાખ થાય છે. જેમાં ૨૬૩ લાખ પુરૂષો અને ૨૪૩ લાખ મહિલાઓ છે. આમ, મહિલાઓ કુલ વસ્તીના ૪૮ ટકા જેટલું પ્રમાણ ધરાવે છે. આથી

આયોજન હેઠળના નાણાનો વધુ હિસ્સો તેમને ફાળવવો જરૂરી છે. જેથી તેઓ બહોળા પ્રમાણમાં લાભ મેળવીને રાજ્યની આર્થિક પ્રગતિમાં સહભાગી થઈ શકે. રાજ્ય સરકારે વિમેન કોમ્પોનન્ટ પ્લાનના ખ્યાલને સ્વીકૃત કરેલ છે. જેમાં બધા જ વિભાગની લાભાર્થી યોજનાઓનો ઓછામાં ઓછો ૩૦ ટકા જેટલો હિસ્સો તેઓ માટે સુનિશ્ચિત કરવામાં આવે.

**'દીકરી વ્હાલનો દરિયો'** એવું જ્યાં ગીત સદા ગવાતું હોઇ ત્યાં બાલિકા જન્મનો ઘટતો જતો દર એક ખૂબ ચિંતાનો વિષય છે. આથી રાજ્ય સરકારે આખા પ્રશાસનને અને રાજ્યના દરેક સમાજને એક ઐતિહાસિક સામાજિકજાગૃતિ અભિયાન **'બેટી બચાવો આંદોલન'**માં જોડયું, જે હવે ઘર-ઘરનું, ગામ-ગામનું સહિયારૂં અભિયાન બન્યું છે. રાજ્ય સરકાર આવા કાર્યક્રમોમાં જનભાગીદારી દ્વારા જનજાગૃતિ જગવવાના સફળતાપૂર્વકના પ્રયત્નોનું સુરતથી સોમનાથ સર્વ સમાજ બેટી બચાવો જનજગૃતિ યાત્રા તેનું ઉત્તમ ઉદાહરણ છે. વળી, સ્ત્રીભૃણ હત્યા અટકાવવા માટે પણ સોનોગ્રાફી મશીનનો દૂરૂપયોગ અટકાવવા કાયદાકીય જોગવાઇ જેવા અનેક પગલાં લીધા છે.

માતાની ભૂમિકા સિવાય મહિલાને એક વ્યક્તિ તરીકે શિશુકાળ, કિશોરી અવસ્થા તથા પ્રૌઢ અવસ્થામાં વિશેષ કાળજીની જરૂર હોય છે. ગરીબી, નિરક્ષરતા, અજ્ઞાન, કુપોષણ, કામનો બોજ, સામાજિક રૂઢિગત માન્યતાઓના કારણે સ્ત્રીના આરોગ્યની જોઇએ એવી કાળજી લેવાતી નથી.

મહિલા સશક્તિકરણ અને મહિલાના વિકાસ માટે કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી ૧૯૮૮થી શરૂ કરવામાં આવેલ છે જે નીચે મુજબની પ્રવૃત્તિ કરે છે.

(૧) મહિલાઓના સામાજિક, આર્થિક, કૌટુંબીક અને કાયદાકીય પ્રશ્નોમાં માર્ગદર્શન પુરૂં પાડવું.

(૨) સરકારી, બીનસરકારી, આદ્યોગિક ગૃહોમાં ઉપલબ્ધ રોજગારીની જાણકારી આપવી તેમજ વધુમાં વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા.

(૩) દહેજ, મહિલા અત્યાચાર, ભરણ-પોષણ, કુટુંબ કલેશ, પતિ-પત્નિના કૌટુંબિક વિખવાદો તથા અન્ય સામાજિક પ્રશ્નોમાં અટવાઇ ગયેલ, મૂંઝાયેલ મહિલાઓને કાનુની સત્તા મંડળના સહયોગમાં કાનુની સહાય અને માર્ગદર્શન પુરૂં પાડવું.

(૪) કિશોરીઓને કારકિર્દી તથા સ્વવિકાસ માટે માર્ગદર્શન પુરૂં પાડવું.

કુટુંબ સલાહ કેન્દ્રોમાં કૌટુંબિક તેમજ સામાજીક વિવાદને લગતા પ્રશ્નો જેવાકે છુટાછેડા, કૌટુંબિક કલહ સ્ત્રીઓને કુટુંબ દ્વારા માનસિક ત્રાસ, સ્ત્રીઓને સંપત્તિના પ્રશ્નોમાં અન્યાય વિગેરે સામાજીક વિવાદને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા તેમજ સમાધાન કરાવવા આવા કેન્દ્રો દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

રાજ્ય સરકારે મહિલાઓના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે અને તેના સફળ પરિણામો પણ પ્રાપ્ત થઇ રહ્યા છે. દીકરીઓને ભણાવવા શિષ્યવૃત્તિ, ભણવા માટે ગણવેશ, સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ, કુંવરબાઇનું મામેરૂં યોજનાઓ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્યાન્વિત કરાઇ છે. એટલું જ નહિ, રાજ્યની અનેક યોજનાઓમાં મહિલાઓને ભાગીદાર બનાવી છે અને મહિલાઓ સ્વનિર્ભર બને તે દિશામાં કાર્યો હાથ ધર્યા છે. પરિવારની મિલકત ઉપર પુરુષ જેટલો જ મહિલાનો અધિકાર

કાયદાથી આપ્યો છે અને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ તથા શાળામાં દાખલ થનાર સંતાનની સાથે તેની માતાનું નામ દાખલ કરવાનો નિયમ જેવી અનેક પહેલ નારીના અધિકારો પ્રસ્થાપિત કરવા માટે કરી છે.

## બાળ વિકાસ કાર્યક્રમો :

**પોષણ :** પોષણ કાર્યક્રમ રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો ભાગ છે. સંકલિત બાળ વિકાસ સેવા કાર્યક્રમ બાળકોને સેવાઓનો પેકેજ પૂરો પાડે છે. જેમાં (૧) પૂરક પોષણ (૨) રોગ પ્રતિરક્ષણ (૩) આરોગ્ય તપાસ (૪) રેફરલ સેવા (૫) અશાલેય પૂર્વ-શાળા શિક્ષણ અને આંગણવાડી મારફત માતાઓ માટે પોષણ અને આરોગ્ય શિક્ષણનો સમાવેશ થાય છે. આંગણવાડી કેન્દ્ર સામાન્યરીતે, ગ્રામિણ/શહેરી ગંદા વિસ્તારોમાં ૧૦૦૦ વસતિને અને આદિજાતિ વિસ્તારોમાં ૭૦૦ની વસતિ આવરી લે છે. રાજ્યમાં માર્ચ-૨૦૦૯ના અંતે ૨૬૦ આઇ.સી.ડી.એસ. અને ૪૧૪૮૪ આંગણવાડી કાર્યાન્વિત છે.

જ્યાં રાજ્યમાં દરેક વ્યકિતને પહોંચે તેટલું અનાજ હોવા છતાં રાજ્યમાં ૪૭ ટકા બાળકો કુપોષણથી પિડાય છે (NFHS-III). જે શિશુમૃત્યુ અને બાળમૃત્યુ અંગેનું એક મુખ્ય કારણ છે. રાજ્ય સરકારે આ માટે સમગ્ર રાજ્યમાં સઘન પ્રયત્નો શરૂ કર્યા છે. વર્ષ ૨૦૧૦ ના અંતે બાળકોમાં કુપોષણની ટકાવારી ૩૦ ટકા સુધી લઈ જવા અને દર વર્ષે ૫ ટકા સુધી ઘટાડવાનો લક્ષાંક નક્કી કરવામાં આવેલ છે. ૬ માસ થી ૩ વર્ષના બાળકો માટે ખાસ પોષણયુક્ત તૈયાર આહાર (Ready to eat food) ૩૦૦ ગ્રામ કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પાઉડર ફોમમાં પૂરક આહાર ૯૦૦ ગ્રામના પેકેટમાં એક પખવાડિયાનો જથ્થો બાળકના ઘરે આપવામાં આવે છે. આ જથ્થો આંગણવાડી કેન્દ્ર પરથી માસમાં બે વખત રસીકરણ વખતે અને ગ્રોથ મોનીટરીંગ વખતે ઘરે આપવામાં આવે છે. ૩ વર્ષ થી ૬ વર્ષના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતઓ માટે પોષણયુક્ત લોટ (Fortified Atta)નો કાર્યક્રમ જુન-૨૦૦૬માં પાયલોટ બેઝ પર અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં શરૂ કરવામાં આવેલ જે ત્યારબાદ નવેમ્બર-૨૦૦૭થી સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે. **બાલભોગ યોજના** હેઠળ પોષણયુક્ત કેન્ડી શરૂઆતમાં પ્રાયોગિક ધોરણે ૯ આદિવાસી જિલ્લાના ૧૮ બ્લોકમાં શરૂ કરવામાં આવેલ જેના પરિણામથી પ્રોત્સાહિત થઇને આ યોજનાને નવેમ્બર-૨૦૦૭થી સમગ્ર રાજ્યમાં શરૂ કરાયેલ છે. જ્યારે, નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓને માસિક ૧.૫ કિલો લેખે આયોડિનયુક્ત મીઠાની વહેંચણી કરવામાં આવે છે. મમતા દિને બે મહિનાની જરૂરિયાત પ્રમાણે ૩ કિલો આયોડિનયુક્ત મીઠું આપવામાં આવે છે. વધુમાં, મધ્યાહન ભોજન યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં સરકારી, પંચાયત અને નગરપાલિકાઓ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં રાંધેલો ગરમ ખોરાક આપવામાં આવે છે. આ કાર્યક્રમ દ્વારા બાળકોની આરોગ્ય સ્થિતિ સુધારવાની, શાળામાં હાજરીની સંખ્યા વધારવાનો, અધવચ્ચે શાળા અભ્યાસ છોડી દેતાં બાળકોની સંખ્યામાં ઘટાડો કરવાની, ગરીબી નિવારણનો તથા બેરોજગાર, વિધવાઓ અને નિરાધાર મહિલાઓને અંશકાલીન રોજગાર પૂરો પાડવાનો આશય રખાયેલ છે. વધુમાં, રાજ્યમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોમાં જન્મેલ નવજાત શિશુ તથા સરકારી દવાખાનામાં જન્મેલ તમામ નવજાત શિશુને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે **બાળસખા યોજના** શરૂ કરવામાં આવી છે. આ યોજનાના અસરકારક અમલ માટે રાજ્યભરમાં ૨૨૦ બાળરોગ નિષ્ણાત ડોક્ટરોને સેવાઓ આપવા માટે કરારબદ્ધ કરવામાં આવ્યા છે.